# સુરેન્દ્રનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.
## સુરસાગર ડેરી–વઢવાણ
" ઠાકરધણી સુરસાગર ભવન ", ૨૪૯,જી.આઈ.ડી.સી., ફેઈઝ – ૨, આંબાવાડી, વઢવાણ – ૩૬૩ ૦૩૫


એસએસડી/એસએનઆર/સીએસ/મંડળી/૨૦૨૬/ તા.૦૫/૦૮/૨૦૨૬

## :: પરિપત્ર ::

આથી સુરેન્દ્રનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી., સુરસાગર ડેરી,વઢવાણ સાથે સંયોજીત તમામ દૂધ સહકારી મંડળીઓને તા.૧૪/૧૧/૨૦૨૪ ના રોજ પરિપત્ર કરી સંઘ દૂધ ભાવ ચુકવવાની નીતિ વિષયે સંમતિ પત્ર માંગેલ જે મુજબ દૂધ બિલમાં કપાત થતો રાખેલ ભાવ બંધ કરી જે તે દૂધ બિલે દૂધનો પુરેપુરો ભાવ ચુકવવા માટે મંડળીઓ તરફથી દૂધ સંઘને સંમતિ મળેલ. મંડળીનો મત એવો હતો કે જો પુરેપુરો ભાવ ચુકવવામાં આવે તો મંડળીના સાચા પશુપાલકને દૂધનો ભાવ પ્રાઈવેટ ડેરીઓની સરખામણીમાં વધારે મળી રહે અને તેઓ લ્લા દૂધ સંઘની મંડળીઓ સાથે જોડાય રહે. ત્યાર બાદ પુખ્ત વિચારણાને અંતે દૂધ સંઘ તરફથી તા.૧૧/૦૪/૨૦૨૫ થી દૂધ સંઘ ધ્વારા મંડળીઓ પાસેથી દૂધનો ખરીદ ભાવ દૂધ બિલમાં પુરેપુરો ચુકવવાનું ચાલુ કરેલ.

વર્ષ ૨૦૨૪–૨૫ નો સરેરાશ કિલો ફેટનો ભાવ રૂા.૮૫૧/– હતો. જેની સરખામણીએ વર્ષ ૨૦૨૫–૨૬ નો સરેરાશ કિલો ફેટનો ભાવ રૂા.૮૯૨/– ચુકવાયેલ છે જે ગત વર્ષ કરતાં કિલો ફેટે રૂા.૪૧/– જેટલો વધારે છે. અને વર્ષ ૨૦૨૪–૨૫ માં સરેરાશ કિલોનો દૂધ ભાવ રૂા.૫૧.૨૦ હતો જે વર્ષ ૨૦૨૫–૨૬ ના અંતે કિલો દૂધનો ભાવ રૂા.૫૨.૬૮ ચુકવાયેલ છે જે ભાવ ગત વર્ષ કરતાં ૨.૯ ટકા જેટલો વધારે ચુકવાયેલ છે.

દૂધ સંઘ સાથે સંકળાયેલ દૂધ ઉત્પાદકોને સમયસર અને યોગ્ય વળતર મળી રહે તેમજ પશુપાલન વ્યવસાય વધુ સક્ષમ બને તે હેતુથી વર્ષ દરમ્યાન ચાલુ દૂધના ભાવમાં વધારો કરીને સતત વધુ રકમની ચુકવણી કરવામાં આવી હતી. નોંધનીય છે કે વર્ષ દરમ્યાન ચુકવવામાં આવેલ સરેરાશ ભાવ અને વર્ષાન્તે ચુકવવામાં આવતા અંતિમ ભાવ બન્નેનો કુલ લાભ ગણવામાં આવે તો પશુપાલકોને યોગ્ય અને સંતોષકારક વળતર પ્રાપ્ત થયેલ છે.

આથી તમામ મંડળીઓ તથા પશુપાલકોને વિનંતી કરવામાં આવે છે કે વર્ષાન્તે અંતિમ ભાવને અલગથી જોવાને બદલે સમગ્ર વર્ષ દરમ્યાન મળેલ કુલ સરેરાશ ભાવને ધ્યાનમાં રાખી આપના તરફથી હર હંમેશની જેમ દૂધ સંઘને સાથ સહકાર મળી રહે તેવી અપેક્ષા સાથે.

**મેનેજીંગ ડીરેક્ટર**

**<u>સવિનય નકલ રવાના :</u>**

(૧) પ્રતિ, શ્રી ચેરમેન સાહેબ / વાઈસ ચેરમેનશ્રી :– જાણ સારૂ
તથા તમામ બોર્ડ ઓફ ડીરેકટરશ્રીઓ

(૨) પ્રતિ,શ્રી જીલ્લા રજીસ્ટ્રાર સાહેબ :– જાણ સારૂ.
સહકારી મંડળીઓ (સહકાર)
બહુમાળી ભવન, ખેરાળી રોડ,સુરેન્દ્રનગર

**<u>નકલ રવાના</u> :**

(૧) પ્રતિ, શ્રી પ્રમુખ/મંત્રી :– જાણ સારૂ.
તમામ દૂધ મંડળીઓ

(૨) પ્રતિ,શ્રી તમામ ક્ષેત્રગામી કર્મચારીઓ તરફ :– જાણ સારૂ.

(૩) પ્રતિ,શ્રી વિભાગીય વડા તમામ :– જાણ સારૂ.